# વડોદરા એવિએશન સેક્ટરના હબ તરીકે જાણીતું બનશે : મોદી

### ટાટા-એરબસના સ્થપાનારા પ્લાન્ટનો શિલાન્યાસ : ભારત દુનિયાનું મોટું મેન્યુફેક્ચરિંગ હબ બનવાની દિશામાં મોટું પગલું ભરવામાં આવી રહ્યું છે : વડાપ્રધાન






વડોદરા, તા.૩૦
વડોદરામાં ટાટા-એરબસના સ્થપાનારા પ્લાન્ટનો શિલાન્યાસ કરવા માટે પહોંચેલા પીએમ મોદીએ આ પ્રોજેક્ટને વડોદરા, ગુજરાત તેમજ દેશ માટે એક અણમોલ ભેટ સમાન ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારત દુનિયાનું મોટું મેન્યુફેક્ચરિંગ હબ બનવાની દિશામાં મોટું પગલું ભરવામાં આવી રહ્યું છે. ભારત આજે પોતાનું ફાઈટર પ્લેન બનાવી રહ્યું છે, પોતાની ટેન્ક તેમજ સબમરીન બનાવી રહ્યું છે અને ભારતમાં બનેલી દવાઓ અને વેક્સિન પણ દુનિયાભરમાં લાખો લોકોનું જીવન બચાવી રહ્યા છે.

પીએમે જણાવ્યું હતું કે ભારતમાં બનેલા ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ, મોબાઈલ ફોન્સ, ભારતમાં બનેલી કાર્સ કેટલાય દેશોમાં છવાયેલી છે. મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ ગ્લોબ મંત્ર પર આગળ વધી રહેલું ભારત પોતાના સામર્થ્યને વધારી રહ્યું છે. હવે ભારત ટ્રાન્સપોર્ટ પ્લેનનું પણ મોટું નિર્માતા બનશે, અને તેની શરુઆત આજથી થઈ રહી છે. દુનિયાના મોટા પેસેન્જર પ્લેન્સ પણ ભારતમાં બનશે તે દિવસો પણ હવે દૂર નથી. વડોદરામાં જે ફેસિલિટીનો શિલાન્યાસ થયો છે તે દેશના ડિફેન્સ અને એરોસ્પેસ સેક્ટરમાં ધરમૂળથી પરિવર્તન લાવશે, પહેલીવાર ભારતમાં એરોસ્પેસ ટેક્નોલોજીમાં આટલું મોટું રોકાણ થઈ રહ્યું છે.

વડોદરામાં બનનારા ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ ભારતીય સેનાને તાકાત આપશે જ, સાથે જ એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ માટે એક નવી ઈકોસિસ્ટમનો પણ વિકાસ થશે તેમ જણાવતા પીએમે કહ્યું હતું કે, શિક્ષણ અને સંસ્કૃતિના કેન્દ્ર તરીકે પ્રતિષ્ઠિત વડોદરા હવે એવિએશન સેક્ટરના હબ તરીકે પણ દુનિયાભરમાં જાણીતું બનશે. આમ તો ભારત ઘણા દેશોમાં વિમાનના નાના-મોટા પાર્ટ્સની નિકાસ કરે છે, પરંતુ દેશમાં પહેલીવાર મિલિટરી ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ બનવાનું છે, જેના માટે ટાટા ગ્રુપ અને એરબસ ડિફેન્સ કંપની શુભેચ્છા આપું છું. આ પ્રોજેક્ટ સાથે ભારતની ૧૦૦થી વધુ સ્જીસ્ઈ જોડાશે, અને બીજા દેશોના એક્સપોર્ટ ઓર્ડર પણ લેવામાં આવશે.

આજે ભારત દુનિયાનું સૌથી ઝડપથી વિકસતું એવિએશન સેક્ટર છે, અને આગામી ૪-૫ વર્ષમાં કરોડો નવા મુસાફરો હવાઈ સફર કરશે. આવનારા ૧૦-૧૫ વર્ષમાં ભારતને ૨,૦૦૦થી વધુ પેસેન્જર અને કાર્ગો એરક્રાફ્ટની જરુર પડશે. જેની આપૂર્તિ કરવા માટે પ્લાનિંગ શરુ થઈ ચૂક્યું છે, અને આજનું આ આયોજન તે જ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.



છઠ્ઠ પુજા - ઉત્તર ભારતમાં શ્રદ્ધાપૂર્વક ઉજવાતા છઠ્ઠ પુજાના પર્વની ગાંધીનગર શહેરમાં પણ ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ હતી... શહેરના ધોળાકુવા અને સરગાસણ વિસ્તારમાં ઉત્તર ભારતીયો પરિવારો દ્વારા આથમતા સૂર્યની પૂજાનું આયોજન કરાયું હતું... મોટી સંખ્યામાં મહિલાઓએ ભાવપૂર્વક સૂર્યદેવતાની આરાધના કરી હતી...





વડોદરામાં ભવ્ય રોડ-શો... - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બરોડા એરપોર્ટ પર આવી પહોંચતા રાજ્યપાલ અને મુખ્યમંત્રી સહિત ભાજપના આગેવાનોએ સ્વાગત કર્યુ હતું... એરપોર્ટ પરથી વડોદરા શહેરમાં ભવ્ય રોડ-શો યોજાયો હતો... જેમાં મોટી સંખ્યામાં શહેરના નાગરિકોએ પ્રધાનમંત્રીનું અભિવાદન કર્યુ હતું...

## કેવડીયામાં દેશનું પ્રથમ રોયલ કિંગડમ મ્યુઝીયમ બનાવાશે

### વડાપ્રધાન મોદી કરી શકે છે મોટી જાહેરાત : મ્યુઝીયમ રાજા રજવાડાઓની બલિદાનની ગાથા કહેતું બનશે

નર્મદા, તા.૩૦
પીએમ મોદી આજથી ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસે છે. પીએમ મોદી નર્મદા જિલ્લાના કેવડીયા ખાતે સોમવાર એટલે કે તારીખ ૩૧મી ઓકટોબરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવશે. પ્રધાનમંત્રીની હાજરીમાં એર શો સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે ત્યારે તેનું રીહર્સલ કરવામાં આવી રહયું છે. આવતીકાલે પીએમ નરેન્દ્ર મોદી કેવડીયા કોલોનીથી મહત્વની જાહેરાત કરી શકે છે. રોયલ કિંગડમ મ્યુઝીયમ રાજા રજવાડાઓની બલિદાનની ગાથા કહેતું બનશે. કેવડીયા કોલોની ખાતે દેશનું પ્રથમ રોયલ કિંગડમ મ્યુઝીયમ બનાવવામાં આવશે. મ્યુઝીયમમાં દેશના અને ગુજરાતના રાજા રજવાડાઓનું બલિદાનનું ઈતિહાસ રજુ કરવામાં આવશે. દેશના એકીકરણ માટે રાજા રજવાડાઓના બલિદાનને યાદ કરવામાં આવશે. દેશને મજબુત કરવા માટે ક્ષત્રિય સમાજની ભૂમિકા અને પરંપરાને આજની પેઢીને માહિતગાર થાય તેવો અનોખો પ્રયાસ હાથ ધરવામાં આવશે. મહત્વનું છે કે, ૩૧મી ઓકટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિના અવસરે તેઓ કેવડીયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. ઁસ્ની ઉપસ્થિતિમાં અનેકવિધ કાર્યક્રમો તથા પરેડનું આયોજન કરાયું છે. કેવડીયાથી તેઓ રાષ્ટ્રજોગ સંબોધન કરશે. આ ઉપરાંત પીએમના હસ્તે વિવિધ પ્રોજેકટના લોકાર્પણ કરવામાં આવશે.

## ગુજરાતમાં કોંગ્રેસે ફરી વચનોની લ્હાણી કરી : રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને ત્રણ વાયદા કર્યા

### રાહુલ ગાંધીએ કોન્ટ્રાકટ કર્મીઓને નોકરીની ગેરંટી અને જૂની પેંશન યોજના લાગુ કરવાનું વચન આપ્યું હતું

ગાંધીનગર, તા.૩૦
ગુજરાત વિધાનસભા ચૂંટણી પૂર્વે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જનતાને આકર્ષવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. ત્યારે વિધાનસભા ચૂંટણી પૂર્વે રાહુલ ગાંધીએ મહત્વપૂર્ણ ટ્વીટ કર્યુ છે. રાહુલ ગાંધીએ ગુજરાતના સરકારી કર્મચારીઓને લઈ ટ્વીટ કર્યું છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસે વચનોની લ્હાણી કરી છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને વાયદા કર્યા છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણી પૂર્વે રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને સરકારી કર્મીઓ માટે ૩ વાયદાઓ કર્યા છે. તેમણે કોન્ટ્રાકટ કર્મીઓને નોકરીની ગેરંટી અને જૂની પેંશન યોજના લાગુ કરવાનું વચન આપ્યું છે. ત્યારબાદ બીજો વાયદો સરકારી કર્મચારીઓને સમયસર પ્રમોશનનો આપવામાં આવ્યો છે. આ સિવાય ત્રીજો વાયદો રાજસ્થાનમાં સરકારી કર્મચારીઓને લાભ આપ્યો એવો ગુજરાતમાં પણ મળશે.

## ગુજરાત સંરક્ષણ ક્ષેત્રે નવી ઉડાન ભરશે : રાજનાથસિંહ

### કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે જણાવ્યું કે ભવિષ્યમાં વિશ્વની મોટી શક્તિઓ ગુજરાતના આંગણે રમતી હશે

વડોદરા, તા.૩૦
ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરા ખાતે ભારતના સૌ પ્રથમ ઝ-૨૯૫ ટ્રાન્સપોર્ટ એકક્રાફ્ટ એસમ્બલિંગ એકમનો શીલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે જણાવ્યું કે ભવિષ્યમાં વિશ્વની મોટી શક્તિઓ ગુજરાતના આંગણે રમતી હશે તેવો આશાવાદ વ્યક્ત કરવાની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં દેશ ખૂબ જ આગળ વધી રહ્યો છે. વૈશ્વિક સ્તર પર ભારતની ઓળખ ખૂબ જ વધી છે. પહેલા આંતરાષ્ટ્રીય સ્તર પર ભારતની વાતને ગંભીરતાથી ન્હોતી લેવાતી, પરંતુ હવે આંતરરાષ્ટ્રીય સ્તર પર જ્યારે ભારત બોલે છે ત્યારે આખી દુનિયા કાન ખોલીને સાંભળે છે કે ભારત શું બોલી રહ્યુ છે. તેમણે કહ્યું કે, સુરક્ષાના સાધનો બનાવવામાં પણ દેશ આત્મનિર્ભર બની રહ્યો છે. ટાટા એરબસ થકી ગુજરાતમાં સંરક્ષણ ક્ષેત્રની નવી ઉડાન હશે તેવું કહી રાજનાથ સિંહે પ્રધાનમંત્રીએ દેશના સમાજિક, રાજનૈતિક, શૈક્ષણિકની સાથોસાથ ભવિષ્યને પણ ધ્યાનમાં રાખીને નિર્ણય લીધો છે. ટાટા એરબસના લીધે હવે સમગ્ર દેશ અને દુનિયામાં પણ સંરક્ષણ ઉત્પાદનો માટે ગુજરાતનું નામ હશે. આવનારા સમયમાં ધોલેરા ખાતે એરક્રાફ્ટનો બીજો યુનિટ સ્થપાશે તેવું જણાવી ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરે ૧૦ વર્ષ પહેલા રતન ટાટાએ સેવેલું સ્વપ્ન આજે સાકર થઈ રહ્યું હોવાનું જણાવ્યું.

## પ્રવીણ સિંહાને CBIમાં ૬ મહિનાનું એક્સટેન્શન અપાયું

ગુજરાત કેડરના આઈપીએસ અધિકારીને એક્સટેન્શન મળ્યું છે, જેથી ગુજરાતના આઈપીએસ બેડામાં ખુશીનો માહોલ છવાયો છે. સીબીઆઈના સ્પેશિયલ ડાયરેક્ટર પ્રવીણ સિંહાને વધુ છ માસનું એક્સટેન્શન અપાયું છે. તેમને અગાઉ પણ છ માસનું એક્સટેન્શન અપાયુ હતું. હાલ તેઓ ઈન્ટરપોલમાં પણ ભારતના પ્રતિનિધિ તરીકે સેવા આપી રહ્યાં છે. ત્યારે પ્રવીણ સિંહા આગામી ૩૦ એપ્રિલ, ૨૦૨૩ સુધી cbi માં કાર્યરત રહેશે. ૨૦૧૯ના ફેબ્રુઆરી માસમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત કેડરના પ્રવીણ સિન્હાની સીબીઆઈના એડિશનલ ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. તે પહેલા તેઓ સીબીઆઈમાં જોઈન્ટ ડિરેક્ટરના પદ પર હતા. પ્રવીણ સિન્હા ૧૯૮૮ બેચના આઈપીએસ અધિકારી છે. ૧૯૬૨માં જન્મેલા પ્રવીણ સિન્હા B.A.(Hons), (P.G.D.B.M.), LLB ડિગ્રી ધરાવે છે. વર્ષ ૨૦૧૫માં તેમને કેન્દ્રીય વિજિલન્સ કમિશનમાં ડેપ્યુટેશન પર મુકવામાં આવ્યા હતા.

## પાટીદાર નેતા અલ્પેશ કથીરિયા આમ આદમી પાર્ટીમાં જોડાયા

### કથીરિયાને આપમાં સામેલ કરાવીને કેજરીવાલ સૌરાષ્ટ્રને ટાર્ગેટ કરવા માંગે છે

રાજકોટ, તા.૩૦
પાટીદાર નેતા અલ્પેશ કથીરિયા આખરે આપનો થયો. આજે ગારીયાધારની જનસભામાં અલ્પેશ કથીરીયા અને ધાર્મિક માલવીયાએ કેજરીવાલના હાથે ખેસ પહેર્યો છે. અરવિંદ કેજરીવાલ અને ભગવંત માને અલ્પેશ કથીરીયા અને ધાર્મિક માલવીયાને ખેસ પહેરાવીને તેમનો આપમાં વિધિવત પ્રવેશ કરાવ્યો હતો. સાથે જ ગારીયાધાર નગરપાલિકાના વિપક્ષ નેતા અને સભ્યો આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.

અલ્પેશ કથીરિયાને આપમાં સામેલ કરાવીને અરવિંદ કેજરીવાલ સૌરાષ્ટ્રને ટાર્ગેટ કરવા માંગે છે. કેજરીવાલની સ્ટ્રેટેજી મિશન સૌરાષ્ટ્ર છે. અલ્પેશના આગમનથી કેજરીવાલ સૌરાષ્ટ્રના ૫ જિલ્લા પર ટાર્ગેટ કરી શકે છે. અલ્પેશના આપમાં જોડાવાથી સુરતની ૫ બેઠકો પર સીધી અસર થશે. સાથે જ ભાવનગર, અમરેલી, બોટાદ અને જૂનાગઢની બેઠકો પર પણ અસર થશે. પાટીદાર અનામત આંદોલનની અસરવાળા વિસ્તારો પ્રભાવિત થશે. અલ્પેશ કથીરીયાએ વંદે માતરમ, જય જવાન જય કિશનના નારા સાથે સંબોધનની શરૂઆત કરી હતી. સાથે જ તેમણે સ્ટેજ પરથી પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને પણ યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે, જેટલી સંઘર્ષ મોટો એટલી જીત શાનદાર. સુરત અને સૌરાષ્ટ્રની તાસીર છે. એવું કહેવાય છે કે, સૌરાષ્ટ્રમાં જે કાંઈ થાય તે સુરતમાં થાય. જે સુરતમાં અનાજ પહોંચાડે છે તે સૌરાષ્ટ્રની ભૂમિમાંથી જોડાવવાનું અમે નક્કી કર્યું હતું. ૨ રાજદ્રોહ સહિત ૨૨ કેસો અમને મળ્યા છે. ૨૦૧૫ થી આજ સુધી વિશિષ્ટ આંદોલન થયા. ૭ વર્ષ સુધી જો કોઈ આંદોલન થયું તો પાટીદાર સમાજનું આંદોલન છે.

## સમાન સિવિલ કોડ બનાવવાની સત્તા માત્ર સંસદની જ છે : કે.જી. વણઝારા

ગાંધીનગર, તા. ૩૦
વિધાનસભાની ચૂંટણીની પૂર્વ સંધ્યાએ તા. ૨૯-૧૦-૨૦૨૨૨ના રોજ ગુજરાત સરકારની કેબિનેટે નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં સમિતિનું ગઠન કરીને, ગુજરાતમાં ભારતના બંધારણના આર્ટિકલ-૪૪ હેઠળ સમાન સિવિલ કોડ દાખલ કરવાની શક્યાતો તપાસવાનો કરેલો નિર્ણય રાજ્ય સરકારની સત્તામર્યાદા બહારનો છે.

આ મુદ્દા અંગે ટિપ્પણી કરતા સરકારના પૂર્વ અધિક સચિવ અને ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ કે.જી. વણઝારાએ એક ટી.વી. ચેનલ ઉપર ચર્ચા અને પ્રેસનોટમાં જણાવ્યું છે કે જો આપણે બંધારણના આર્ટિકલ-૪૪ના લખાણને વાંચીએ કે જે આ પ્રમાણે છે - 'ભારતના સમગ્ર રાજ્યક્ષત્રમાં નાગરિકો માટે એક સરખો દીવાની કાયદો થાય તેમ કરવા માટે રાજ્ય પ્રયત્ન કરશે. **(The State shall endeavor to secure for the citizens a Uniform Civil Code throughout the territory India)**' બંધારણના આર્ટિકલની આ ભાષા જોતાં સમગ્ર ભારતીય પ્રદેશમાં સમાન નાગરિક ધારો ઘડવા માટે ભારત સરકાર અને સંસદ જ સક્ષમ છે.

આ અંગે વણઝારાએ વધુમાં જણાવ્યું છે કે ભારતના બંધારણના આર્ટિકલ-૧૨ અને આર્ટિકલ-૩૬માં 'રાજ્ય (સ્ટેટ)'ની વ્યાખ્યા કરવામાં આવી છે, જે એક સરખી જ છે અને તેમાં સંઘ (યુનિયન) એટલે કેન્દ્ર સરકાર અને ૨૮ રાજ્યો અને ૯ કેન્દ્રશાસિત પ્રદેશો સહિત બીજી ઘણી સત્તા સંસ્થાઓનો સમાવેશ થાય છે, પરંતુ આર્ટિકલ-૪૪ના હેતુ માટે 'રાજ્ય (સ્ટેટ)' એટલે ફક્ત ભારત સરકાર અને સંસદ જ, તેથી સમગ્ર ભારતના રાજ્ય વિસ્તાર માટે સમાન સિવિલ કોડનો કાયદો ભારત સરકાર અને સંસદ જ બનાવી શકે. ગુજરાત સરકાર કે વિધાનસભા સમગ્ર ભારત માટે આવો કાયદો ન બનાવી શકે. જો ગુજરાત સરકારની દલીલ સ્વીકારીએ તો ભારતમાં રાજ્યવાર ૨૮ અને કેન્દ્રશાસિત પ્રદેશોવાર ૯ સમાન સિવિલ કાયદા બનાવવા પડે. એક બીજાની સરહદો સાથે જોડાયેલા ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર માટે પણ જુદા જુદા યુનિફોર્મ સિવિલ કોડ બને. આમ થાય તો દેશમાં અંધાધૂંધી થઈ જાય. આમ રાજ્ય સરકારે આર્ટિકલ-૪૪ હેઠળ જાહેર કરેલી પ્રક્રિયા આ જ આર્ટિકલની જોગવાઈઓ વિરૂદ્ધની છે. ભારતીય જનતા પાર્ટીએ તાજેતરમાં થયેલી કેટલાક રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ પહેલા પણ આવી જાહેરાતો કરી હતી, પરંતુ આવી જાહેરાતોથી મતદારો ગેરમાર્ગે દોરાય છે.

વણઝારાએ કહ્યું હતું કે તેઓ ભારપૂર્વક ભારતમાં સમાન સિવિલ કોડની તરફેણ કરે છે, પરંતુ આ કાર્ય ફક્ત સંસદ જ કરી શકે અને તેઓ ખાતરીપૂર્વક કહે છે કે જેમ તા. ૫-૮-૨૦૧૯ના રોજ બંધારણમાંથી ૩૭૦ની કલમ હટાવવામાં આવી હતી તેમ ૨૦૨૪માં થનાર લોકસભાની ચૂંટણીન પહેલા ભારતીય જનતા પાર્ટી સમાન સિવિલ કોડ કાયદો પણ બનાવી દેશે. ભારત દેશની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે આર્ટિકલ-૩૭૦ને દૂર કરવા કરતા પણ સમાન સિવિલ કોડનો અમલ વધારે મહત્વનો છે. સમાન સિવિલ કોડ માટે ભારતની બંધારણ સભામાં તા. ૨૩-૧૧-૧૯૪૮ના રોજ ચર્ચા થઈ હતી ત્યારે ગુજરાતના કનૈયાલાલ માણેકલાલ મુન્શી અને ડૉ. આંબેડકરે ઝનૂનપૂર્વક તેની તરફેણમાં દલીલો કરી હતી.

## પુલ તુટ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યું છે. તેમજ ૬ મહિના માટે ઝૂલતો પુલ બંધ રહ્યો હતો.

મોરબીના રાજવી પરિવાર દ્વારા ઝુલતો પુલ મચ્છુ નદી ઉપર બનાવવામાં આવ્યો હતો. જે સરકાર અને પાલિકા પાસેથી નિભાવ ખર્ચ સહિતની જવાબદારી સાથે ઓરેવા ટ્રસ્ટને આપવામાં આવેલ છે અને આ પુલ જર્જરીત હતો. માટે ઝૂલતો પુલ સાત મહિનાથી રિપેરીંગ માટે બંધ હતો. જો કે, બે કરોડના ખર્ચે પુલનું રીનોવેશન કાર્ય પૂર્ણ થતાં નુતનવર્ષ એટલે કે બેસતાવર્ષના દિવસે તેને લોકો માટે ખુલ્લો મુકવામાં આવશે તેવી જાહેરાત ઓરેવા કંપનીના એમડી જયસુખભાઈ પટેલે કરી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઝુલતા પુલનું ઐતિહાસિક મહત્વ જળવાઈ રહે તે માટે થઈને જિંદાલ કંપની સાથે વાટાઘાટ કરીને તેને અનુરૂપ મટીરીયલ મંગાવીને નિષ્ણાંત પાસે આ પુલનું રીપેરીંગ કામ કરવામાં આવ્યું છે. આગામી ૧૫ વર્ષ સુધી મેન્ટેનન્સ અને રિપેરીંગની સાથે સમગ્ર જવાબદારી ઓરેવા ટ્રસ્ટને સોંપવામાં આવી હતી. વધુમાં તેમણે એવું પણ જણાવ્યું હતું કે ઝુલતો પુલ આગામી સમયમાં રાત્રિના સમયે પણ ખુલ્લો રહે તે પ્રકારની વ્યવસ્થા કરવા માટેની તૈયારીઓ ચાલી રહી છે. અત્રે ઉલેખનીય છે કે, મોરબીની મચ્છુ નદી પર રજવાડાના સમયમાં પ્રજાવાત્સલ્ય રાજા સર વાઘજી ઠાકોર દ્વારા લાકડા અને વાયરના આધારે ૨૩૩ મીટર લાંબો અને ૪.૬ ફૂટ પહોળો ઝૂલતો પુલ બનાવવામાં આવ્યો હતો. જેનો ઉપયોગ પહેલાના સમયમાં રાજા માત્ર રાજ મહેલથી રાજ દરબાર સુધી જવા માટે જ કરતા હતા. પરંતુ સમય જતા આ પુલની જવાબદારી મોરબી નગરપાલિકાને સોપવામાં આવી હતી. બાદમાં છેલ્લા ઘણા વર્ષથી આ પુલની જવાબદારી ઓરેવા ટ્રસ્ટને સોપવામાં આવી છે અને હાલમાં રજાના દિવસો હોવાથી લોકોને મોરબીમાં ફરવા જેવુ કોઈ સ્થળ ન હોવાથી આ પુલ હરવા ફરવા માટેનું ઉત્તમ સ્થળ બની રહેશે તેવું કહીએ તો તેમાં જરાપણ અતિશયોક્તિ નથી.

હાલમાં જે ટ્રસ્ટને ઝુલતા પુલની જવાબદારી પાલિકા અને સરકાર દ્વારા આપવામાં આવી છે તેના દ્વારા પુલને સારી રીતે રીપેર કરી આપવામાં આવેલ છે જો કે, મોરબીના નગરજનો સહિતના સહેલાણીઓ આ પુલને પોતાની પ્રોપર્ટી સમજીને વાપરશે તો તેનો લાંબા સમય સુધી મોરબીના લોકો તેમજ સહેલાણીઓને લાભ મળશે તે હક્કિત છે નહિ તો આગું જે રીતે આ પુલ ઉપર ઠેરઠેર પતરાની પ્લેટો તૂટી ગયેલ હતી તેવી જ પરિસ્થિતી પછી ઊભી થશે તે નિશ્ચિત છે.

## ગ્રામસભા યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકતાના શપથ આ ગ્રામસભામાં ગ્રામજનો દ્વારા લેવામાં આવશે. ગુજરાતીમાં આ શપથ લેવામાં આવશે તેમ પણ જાણવા મળેલ છે. ૮૦ ગામોમાં રન ફોર યુનિટીના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.